# વડોદ કન્યા શાળા, જી.આણંદ અને હોશાના મિશન સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલ, બાપુનગર અમદાવાદના વિદ્યાર્થીઓની આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત

---

વડોદ કન્યા શાળા, જી.આણંદની કુલ ૧૨૫ વિદ્યાર્થીઓ અને હોશાના મિશન સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલ, બાપુનગર અમદાવાદના કુલ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ તા. ૧૭.૧૦.૨૦૨૩ મંગળવારના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમની મુલાકાત લીધેલ. મુલાકાત દરમિયાન શ્રી જે. ડી. દેસાઈ, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, સરદાર સમૃતિ કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવેલ. વધુમાં, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમોની કૃષિ ક્ષેત્રમાં ઉજ્જવળ તકો અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ જેથી આવનારા સમયમાં તેઓ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં ભાગ લઇ શકે. તેઓએ યુનિવર્સિટીના અન્ય વિભાગો જેવા કે ઔષધિય પ્લાન્ટ નર્સરી, જૈવિક ખાતર વિભાગ અને પ્રાકૃતિક ખેતી અંગે પણ માહિતી મેળવી હતી. સદર મુલાકાત દરમ્યાન ડૉ. એ. ડી. કલોલા અને ડૉ. એચ. કે. પટેલ હાજર રહેલ હતા.








